# અક્રમ એક્સપ્રેસ




કાયમ એકધારો જ રહે!!

# અક્રમ એક્સપ્રેસ

## સાચો પ્રેમ

બાળમિત્રો,

તમને ખબર છે પ્રેમ કોને કહેવાય? તમે કહેશો 'હા, મને મારા મમ્મી-પપ્પા પર બહુ પ્રેમ છે.' પણ એ તો મમ્મી જ્યારે તમારું ભાવતું બનાવી આપે, પપ્પા તમારી મનગમતી વસ્તુ તમને લાવી આપે, બન્ને તમારા કહ્યા માણે કરે ત્યારે તમને એમના પર બહુ પ્રેમ આવે. પણ જો કદી એનાથી ઉલટું થાય તો? તરત ગુસ્સો આવી જાય. એમનાથી નારાજ થઇ જાવ. ઘડીકમાં પ્રેમ આવે અને ઘડીકમાં ગુસ્સો આવે એને પ્રેમ કેવી રીતે કહેવાય? પ્રેમ હોય ત્યાં આવું હોય? સાચો પ્રેમ કોને કહેવાય? સાચો પ્રેમ ક્યાં મળે? આની સુંદર સમજણ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો બાળમિત્રો, આપણે પણ સાચા પ્રેમને સમજીએ અને આપણને ભેગી થતી દરેક વ્યક્તિ સાથે ખૂબ પ્રેમથી રહીએ.

ડિમ્પલ મહેતા.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| દાદાજી કહે છે | ૧ |
| અનોખુ પ્રોમિસ | ૨ |
| આ તો નવી જ વાત ! | ૪ |
| કૃષ્ણ સુદામાની ભાઈબંધી | ૬ |
| ચાલો રમીએ... | ૮ |
| નિઃસ્વાર્થ પ્રેમ | ૧૦ |
| પ્રેમસ્વરૂપ નીરુમા | ૧૨ |
| મીઠી યાદેં | ૧૩ |
| એમ.એચ.ટી ગ્રુપની એક વર્ષની સમાપ્તિની ઊજવણી. | ૧૫ |
| સમર કેમ્પ (શિબિર) | ૧૬ |
| પઝલના જવાબો, મારી સમજણ | ૧૭ |
| મારી વાત | ૧૮ |



તંત્રી તથા સંપાદક :
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૭
સળંગ અંક : ૭
માર્ચ ૨૦૦૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Publisher,Editor & Printed,
Published from
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Print at:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# સાચો પ્રેમ કોને કહેવાય?

# દાદાજી કહે છે

પ્રશ્નકર્તા : સાચો પ્રેમ કોનું નામ કહેવાય?

દાદાશ્રી : સાચો પ્રેમ, જે વધે નહીં, ઘટે નહીં એ!

પ્રશ્નકર્તા : સાચો પ્રેમ એટલે વધઘટ ના થાય?

દાદાશ્રી : સાચો પ્રેમ વધઘટ ના થાય એવો જ હોય. આ તો પ્રેમ થયેલો હોય તો જો કદી ગાળો ભાંડીએ તો એની જોડે ઝઘડો થઈ જાય, અને ફૂલો ચઢાવીએ તો પાછો આપણને ચોંટી પડે.

કોઈ છોકરો અક્કલ વગરની વાત કરે કે 'દાદાજી, તમને તો હું હવે ખાવાય નહીં બોલાવું અને પાણીય નહીં પાઉં', તોય 'દાદાજી'નો પ્રેમ ઊતરે નહીં અને એ સારું જમાડ જમાડ કરે તોય 'દાદાજી'નો પ્રેમ ચઢે નહીં, એને પ્રેમ કહેવાય. એટલે જમાડો તોયે પ્રેમ, ના જમાડો તોયે પ્રેમ, ગાળો ભાંડો તોયે પ્રેમ અને ગાળો ના ભાંડો તોયે પ્રેમ, બધે પ્રેમ દેખાય. એટલે ખરો પ્રેમ તો અમારો કહેવાય. એવો ને એવો જ છે ને? પહેલે દહાડે જે હતો, તેનો તે જ છે ને? અરે, તમે મને વીસ વર્ષે મળોને, તોયે પ્રેમ વધે-ઘટે નહીં, પ્રેમ તેનો તે જ દેખાય!

સામાનો ગોદો આપણને વાગી જાય તેનો વાંધો નથી. પણ આપણો ગોદો સામાને ના વાગે એ આપણે જોવાનું. તો પ્રેમ સંપાદન થાય. પ્રેમ ક્યારે ઉત્પન્ન થાય? કોઈ દોષિત છે જ નહીં અને દોષિત દેખાય છે એટલે પ્રેમ થાય જ નહીં. જ્યારે બધા નિર્દોષ દેખાશે ત્યારે પ્રેમ ઉત્પન્ન થશે. જ્યાં સુધી બીજાને જુદા ગણીએ છીએ ત્યાં સુધી એની સાથે ભેદ લાગે છે. ત્યાં સુધી પ્રેમ સ્વરૂપ કેવી રીતે રહી શકાય? માટે અત્યાર સુધી જે ભૂલો થઈ હોય, તે માફી માંગી લઈએ. ત્યારે પ્રેમ ઉત્પન્ન થાય.

**પ્રેમમાં જેટલો પાવર છે એટલો બીજા કોઈમાં નથી. છોડને વઢવઢ કરવાથી કંઈ મોટા ફૂલ આપે? એ તો પ્રેમથી નર્સરી કરવાથી આપે.**



# અનોખુ પ્રોમિસ

નવા ઘરે રહેવા આવેલી નાનકડી તુલસી તેની મમ્મી સાથે પાસે આવેલા મંદિરમાં ભગવાનના દર્શન કરવા તૈયાર થઈ ગઈ. વાતો કરતાં કરતાં મંદિરના પગથિયાં ચઢતી તુલસીએ જેવા ભગવાનને જોયા કે તરત તે શું વાત કરતી હતી તેય ભૂલી ગઈ અને 'આવડાં મોટા ભગવાન!' કહેતી અંદર દોડી ગઈ. એમના મુખ પરનું સ્મિત અને આંખો એ જોતી જ રહી ગઈ. હર્ષઘેલી થઈને એ બોલી ઊઠી, 'તમે મારી જોડે દોસ્તી કરશો ?' ત્યાં તો ક્યારેય ન સાંભળ્યો હોય એવો અવાજ સંભળાયો. 'હા, જરૂર! કેમ નહીં ?' તુલસીના આનંદનો પાર ન રહ્યો. એ તો ભગવાન સાથે વાતો કરવા લાગી. ભગવાન પણ એને જવાબ આપતા હતા. ત્યાં તો એની મમ્મીએ એને ઘરે જવા બોલાવી. બહાર નીકળતાં એ બોલી, 'કાલે ફરી મળીશું. કાલે હું તમારા માટે ચોકલેટ લઈ આવીશ. તમે મને શું આપશો ?' ''પ્રેમ'' ભગવાને હાસ્ય સાથે જવાબ આપ્યો. આ સાંભળી તુલસી તો ખુશ ખુશ થઈ ગઈ અને ઘરે જતી રહી. હવે તો રોજ તુલસી સ્કૂલેથી પાછી આવી કલાક - બે કલાક ભગવાન પાસે જઈ બેસતી. અલકમલકની વાતો કરતી. ભગવાન તેને મીઠાં સ્મિતથી વધાવતા. રવિવારે એણે ભગવાનને જાતે ગૂંથેલો મોગરાનો હાર પહેરાવ્યો. પછી પૂછ્યું, 'પ્રભુ, આજે તો તમે મને વધારે પ્રેમ આપશો ને ?'

> ના, પ્રેમમાં વધ ઘટ ના હોય. તું મને હાર પહેરાવે કે ન પહેરાવે. પ્રેમ એકધારો જ હોય.

પ્રભુ હસતાં હસતાં બોલ્યા. 'ના, પ્રેમમાં વધ-ઘટ ના હોય. તું મને હાર પહેરાવે કે ન પહેરાવે. પ્રેમ એકધારો જ હોય.' આ સાંભળી તુલસી તો પ્રભુને ભેટી જ પડી.

એવામાં તુલસીને શાળામાં બીજી બહેનપણી મળી ગઈ. તેની સાથે રમવામાં તે બે દિવસ સુધી ભગવાનને



મળવા જવાનું ભૂલી ગઈ. ત્રીજા દિવસે જ્યારે એ ગઈ ત્યારે એણે ભગવાનને પૂછ્યું, 'પ્રભુ, હું તમને મળવા ન આવી, તમે મારાથી નારાજ તો નથી?' ભગવાન કહ્યું, 'ના, ના તુલસી, પ્રેમમાં અપેક્ષા ના હોય.' તુલસી તો એકધારા પ્રેમને નમી જ પડી અને 'હવેથી રોજ જ આવીશ' એવું પ્રોમિસ આપ્યું. એક દિવસની વાત છે. તુલસીનો એના પડોશમાં રહેતા રાહુલ જોડે ખૂબ ઝઘડો થઈ ગયો. પણ એ મોટો હોવાથી તુલસી એની સામે વધુ બોલી ન શકી. સાંજે ભગવાન પાસે ગઈ ત્યારે બધો ગુસ્સો ભગવાન પર કાઢતાં એણે કહ્યું, 'રાહુલે મને વઢ્યું એમાં પણ તમે હસો છો? તમે મને પ્રેમ કરતાં જ નથી.' એમ કહી એ ત્યાંથી ચાલી ગઈ. થોડીવાર પછી જ્યારે એને પોતાની ભૂલ સમજાઈ ત્યારે એ પાછી માફી માંગતી ભગવાન પાસે આવી. એને નવાઈ તો એ વાતની લાગતી હતી કે પોતે આટલું બધું બોલી ગઈ તોય ભગવાન એને રોજની જેમ જ સ્માઈલ આપતા'તા. એ કશું બોલે તે પહેલાં ભગવાને કહ્યું, 'અરે! તું આવી ગઈ?' તુલસીની આંખોમાંથી આંસું સરી પડ્યા. ભગવાનના ખોળામાં માથું મૂકી એ રડવા લાગી. 'સોરી પ્રભુ, આઈ લવ યુ. મને કંઈક શિક્ષા કરો.' ભગવાને એને શાંત પાડતા કહ્યું, 'ચાલ, આજે તું મને પ્રોમીસ આપ કે જે પ્રેમ તે ચાખ્યો છે તે તું બધાને જ આપીશ. તને જે મળે તેની જોડે પ્રેમથી રહીશ. પ્રોમીસ?' તુલસીએ ભગવાનના હાથમાં હાથ મૂકી પ્રોમિસ આપ્યું. એનાં મગજમાં 'પ્રેમમાં વધ-ઘટ ના હોય, એકધારો જ હોય, અપેક્ષા ન હોય' એ ચાલુ થઈ ગયું.









**તો બાળકો, તમને પણ જે મળે એની સાથે આવા જ પ્રેમથી રહેજો. પ્રોમીસ?**

# આ તો નવી જ વાત !





જ્યાં સ્વાર્થ ના હોય
ત્યાં આગળ શુદ્ધ પ્રેમ
હોય.'મારું-તારું' છે
ત્યાં અવશ્ય સ્વાર્થ છે.
સ્વાર્થ હોય ત્યાં પ્રેમ ના હોય.



પ્રેમમાં ક્યારેય સામેવાળાની
ભૂલ ન દેખાય




પ્રેમ હોય ત્યાં બદલાની આશા ના હોય. દા.ત. આંબો ઉછેરે છે તો ભવિષ્યમાં મને કેરી ખાવા મળશે અને પછી મારા છોકરાના છોકરા પણ ખાશે. એવી આશા સાથે આંબો ઉછેરે છે ને ? કંઈ એમને એમ ઉછેરે છે ? એટલે પ્રેમ હોય ત્યાં કોઈ પણ બદલાની આશા ના હોય.


પ્રેમમાં ક્યારેય ધાટ ના હોય. ધાટ એટલે શું? 'ક્યારેક કામ લાગશે' એવું વિચારીને પ્રેમ રાખે એને ધાટવાળો પ્રેમ કહેવાય.

# કૃષ્ણ - સુદામાની ભાઈબંધી

કૃષ્ણ - સુદામાની ભાઈબંધી ખૂબ જાણીતી છે. સુદામા ગરીબ બ્રાહ્મણ હતા. પોતાનાં બાળકોને પૂરું ખવડાવી શકે એટલા પણ સુદામા પાસે પૈસા નહોતા. સુદામાની પત્નીએ કહ્યું, ''આપણે ભલે ભૂખ્યાં રહીએ, પણ છોકરાંને તો પૂરું ખવડાવવું જોઇએ ને?'' બોલતાં બોલતાં તેની આંખમાં આંસુ આવ્યાં.

સુદામાને ખૂબ લાગી આવ્યું. તે બોલ્યો, ''શું કરીએ ? કોઈની પાસે માંગવા ન જવાય.''

પત્નીએ સુદામાને કહ્યું, ''તમે કૃષ્ણની વાત તો વારંવાર કરો છો. તમારે તેની સાથે ખૂબ ભાઇબંધી છે એમ કહો છો. એ તો દ્વારકાના રાજા છે. ત્યાં કેમ જતા નથી? ત્યાં જાઓને! ત્યાં કાઈ માંગવું નહીં પડે!''

સુદામાને પત્નીની વાત ખરી લાગી. સુદામાએ દ્વારકા જવાનું નક્કી કર્યું. પત્નીને કહ્યું, ''ભલે, હું કૃષ્ણ પાસે જઈશ. પણ એના છોકરાં માટે શું લઈ જાઉં?''

સુદામાની પત્ની પાડોશમાંથી પૌંઆ લઈ આવી. તેને ફાટેલા કપડામાં બાંધીને તેની પોટલી કરી. સુદામા એ પોટલી લઈને દ્વારકા



જવા ઊપડ્યા.

દ્વારકા જોઈને સુદામા તો છક થઇ ગયા. આખી નગરી સોનાની હતી. લોકો ખૂબ સુખી હતા. સુદામા પૂછતા પૂછતા કૃષ્ણના મહેલ પાસે ગયા. દરવાને આ બાવા જેવા લાગતા સુદામાને પૂછ્યું, "એય, અહીં શું કામ છે?"

સુદામાએ જવાબ આપ્યો, "મારે કૃષ્ણને મળવું છે. એ મારો મિત્ર છે. અંદર જઈને કહો કે સુદામા તમને મળવા આવ્યો છે."

સુદામાનો વેશ જોઈને દરવાનને હસવું આવ્યું. તેણે જઈને કૃષ્ણને વાત કહી. સુદામાનું નામ સાંભળતાં જ કૃષ્ણ ઊભા થઈ ગયા! સુદામાને મળવા દોડ્યા. બધા આશ્ચર્યથી જોઈ રહ્યા! ક્યાં રાજા અને ક્યાં આવો બાવો?

કૃષ્ણ સુદામાને મહેલમાં લઇ ગયા. સાંદીપનિઋષિના ગુરૂકુળના દિવસોની યાદ તાજી કરી. સુદામા કૃષ્ણની શ્રીમંતાઈ જોઈ શરમાયો. સુદામાએ પૌંઆની પોટલી સંતાડવા માંડી, પણ કૃષ્ણે તે ખેંચી લીધી. કૃષ્ણે તેમાંથી પૌંઆ કાઢ્યા. ખાતાં ખાતાં કૃષ્ણ બોલ્યા,

> "જોયોને કૃષ્ણનો પ્રતાપ! આપણી ગરીબાઇ ગઇ. કૃષ્ણે આપણાં બધાં દુ:ખ ભાંગ્યા."


"આવો અમૃત જેવો સ્વાદ મને બીજા કશામાં નથી મળ્યો."

પછી બંને જમવા બેઠા. સોનાની થાળીમાં સારું ભોજન પીરસ્યું હતું. સુદામાનું હૃદય ભરાઇ આવ્યું. ઘેર છોકરાંને પૂરું ખાવા નથી મળતું તે યાદ આવ્યું. સુદામા બે દિવસ ત્યાં રહ્યા. એ કૃષ્ણ પાસે કશું માંગી ન શક્યા. ત્રીજે દિવસે પાછા ઘેર જવા નીકળ્યા. કૃષ્ણ સુદામાને ભેટ્યા, થોડે સુધી મૂકવા ગયા.

ઘેર જતાં સુદામાને વિચાર આવ્યો, "ઘેર પત્ની પૂછશે કે શું લાવ્યા? શો જવાબ આપીશ?"

સુદામા ઘેર પહોંચ્યા. ત્યાં તેણે પોતાનું ઝૂંપડું જ ન જોયું! એટલામાં તો સુંદર ઘરમાંથી પત્ની બહાર આવી. તેણે સુંદર કપડાં પહેર્યાં હતાં. પત્નીએ સુદામાને કહ્યું, "જોયોને કૃષ્ણનો પ્રતાપ! આપણી ગરીબાઈ ગઈ કૃષ્ણે આપણાં બધાં દુ:ખ ભાંગ્યાં. સુદામાને કૃષ્ણનો પ્રેમ યાદ આવ્યો. તેની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં.


જોયું મિત્રો, કૃષ્ણ અને સુદામાનો પ્રેમ એટલે સાચો મિત્ર પ્રેમ.



તો મિત્રો, સાચા પ્રેમમાં નથી ઉંચ - નીચ જોવાતી કે નથી જોવાતી અમીરી-ગરીબી. માટે જ આજે યુગો પછી પણ દૂનિયા કૃષ્ણ સુદામાની ભાઈબંધીને સાચા મિત્રપ્રેમના પ્રતિક તરીકે યાદ કરે છે.

# ચાલો રમીએ...

**૧** નીચે આપેલા મીંડાની અંદર ૧ થી ૪ આંકડાઓ એવી રીતે પૂરો, કે જેથી દરેક આડી લાઇન, ઊભી લાઇન તથા સળંગ સાંકળમાં અલગ અલગ નંબર હોવા જોઇએ.




**૨** નીચે આપેલા ચિત્રમાં જમણી બાજુ આપેલા ચિત્રો શોધી કાઢો.







## ૩ આ લાઈનમાં આગળ શું આવશે તે શોધી કાઢો?



## ૪ નીચે આપેલા ૬ ત્રિકોણમાંથી કોઈ પણ ૨ ત્રિકોણ એવા છે કે જે પેન્સિલને કાગળ પરથી ઉઠાવ્યા વગર તેમજ એક લાઈન પરથી બે વખત પસાર થયા વગર દોરી શકાય તેમ છે, તો એવા ૨ ત્રિકોણ શોધી કાઢો.



## ૫ આપેલ ચોરસમાંથી જમણી બાજુ આપેલા શબ્દો શોધો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | ષ્કા | મ | મો | ટ | નિ | અ | ધ્ધ | અ | પ્રે |
| મો | પ્રે | ઘા | ચ્ધા | સ | ક્તિ | હ | ઘ | પ | વા |
| લ્ય | મ | વા | બ | સ્ને | ર્થ | શુ | સ્વા | ટ | સ |
| નિ | સ્ને | ધ્ધ | પ્રે | લિ | મા | મા | હો | પં | લ્ય |
| પ | સ્વા | ટ | હ | સ્ને | દા | સ | ત | લિ | તિ |
| ર | વા | ર્થ | નિ | દા | પ | ન | સ્ને | હ | મિ |
| મા | મ | પ્ર | ઘા | ટ | મ | ધ | હ | ઘ | ગ |
| મા | ર્થ્ય | સ | મ | ધ | શુ | શુ | વી | સ્વા | પં |
| મો | વો | વો | ત | રા | ગ | ષ્કા | ધ્ધ | બ | ડિ |
| પ્રે | હ | ઘા | ર્થ | ટ | પ | ર | મા | નિ | ત |

૧. પ્રેમ
૨. આસક્તિ
૩. મોહ
૪. ઘાટ
૫. વાત્સલ્ય
૬. સ્નેહ
૭. નિસ્વાર્થ
૮. શુધ્ધ
૯. અઘટ
૧૦. પરમાત્મા
૧૧. પંડિત
૧૨. નિષ્કામ
૧૩. બલિદાન
૧૪. વીતરાગ

# નિ:સ્વાર્થ પ્રેમ

એક મધરાતે ઘણા મુસાફરોને લઈ જતું એક વહાણ દરિયામાં ડૂબી ગયું. પારસ અને પ્રણવ નામના બે યુવાનો તરતાં તરતાં એક ટાપુ પર પહોંચે છે. ટાપુ આખો વેરાન હોય છે. ટાપુ પર પહોંચી બંને એકબીજાની સામું જુએ છે. હવે અહીં કરવું શું? એની બેમાંથી કોઈને કંઈ સમજ પડતી નથી. બંને વિચારે છે કે હવે ભગવાનને પ્રાર્થના કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. પારસે કહ્યું, “ચાલ દોસ્ત, જોઈએ, આપણા બંનેમાંથી કોની પ્રાર્થના શક્તિશાળી છે?” પ્રણવે એની વાત મંજુર રાખી. બંને ટાપુના એક-એક છેડા પર જઈ રહેવા લાગ્યા.

હવે આવાં જંગલ જેવા ટાપુ પર રહેવું કઈ રીતે? પારસે સૌથી પહેલા રહેવા માટે એક સુંદર ઘરની માંગણી કરી. તરત જ એની સામે એક ઘર તૈયાર થઈ ગયું. આ જોઈ પારસ ખૂબ ખૂશ થઈ ગયો. એને હવે ખરેખરી ભૂખ લાગી હતી. એણે ખાવાની વસ્તુ માટે પ્રાર્થના કરી. તરત જ એને એના ઘરની બાજુમાં એક ફળનું ઝાડ દેખાયું. પેટ ભરીને એણે ફળ ખાધા, પછી એ ઘરમાં સૂઈ ગયો. આમ એ એક પછી એક પ્રાર્થના કરતો ગયો. એની દરેક પ્રાર્થના પ્રમાણે એને બધું મળતું ગયું.

અઠવાડિયા પછી પારસ વિચારે છે કે હું આખી જીંદગી એકલો કેવી રીતે પસાર કરીશ? તેથી તે પત્ની માટે પ્રાર્થના કરે છે. બીજા દિવસે

> આમ એ એક પછી એક પ્રાર્થના કરતો ગયો. એની દરેક પ્રાર્થના પ્રમાણે એને બધું મળતું ગયું.



સવારે ટાપુના કિનારે એક સ્ત્રી મૂર્છિત દશામાં પડેલી દેખાઈ. પારસે એની સારવાર કરી એને સાજી કરી અને એને પોતાની પત્ની બનાવી.

આ બધું બને છે તે દરમ્યાન ટાપુના બીજા છેડે જ્યાં પ્રણવ રહેતો હોય છે ત્યાં આવું કંઈ જ દેખાતું નથી.

આખરે પારસ એક વહાણ માટે પ્રાર્થના કરે છે. તરત જ એક વહાણ કિનારે આવી પહોંચે છે. પારસ બીજા દિવસે સવારે પત્ની સાથે શહેરમાં પાછાં જવાની તૈયારી કરે છે. પ્રણવને તો એ જાણે ભૂલી જ ગયો હોય છે. વહાણ ઉપડવાની તૈયારીમાં જ હોય છે ત્યાં તો આકાશવાણી થાય છે, ''પારસ, તું પ્રણવને અહીં એકલો છોડીને જાય છે?''

પારસે જવાબ આપ્યો, ''આ બધી જાહોજલાલી મારી પ્રાર્થનાનું ફળ છે. એની પ્રાર્થનાનું નથી, તો એને શા માટે આ બધું મળવું જોઈએ?''

આકાશવાણી ફરી બોલી, ''પ્રણવની એક જ પ્રાર્થના હતી, જે મેં પૂરી કરી છે. એ જો પૂરી ન કરી હોત તો તને આ બધું કંઈ જ ન મળત.''

આ સાંભળી પારસને ખૂબ નવાઈ લાગી. એણે આતુરતાથી પૂછ્યું, ''એની કઈ પ્રાર્થના હતી? મને કહો તો ખરા.'' આકાશવાણીએ જવાબ આપ્યો, ''એની એ પ્રાર્થના હતી કે પારસની બધી જ પ્રાર્થનાઓ પૂરી થજો.'' આટલું કહી આકાશવાણી બંધ થઈ ગઈ.

આ સાંભળી પારસનું મસ્તક શરમથી ઝૂકી ગયું. તરત જ એ પ્રણવને પોતાની સાથે લઈ જવા ઉપડ્યો.



**જોયું મિત્રો, સાચા પ્રેમમાં સ્વાર્થ નથી હોતો, સામાની ખુશીમાં જ પોતાની ખુશી હોય છે.**



''પ્રણવની એક જ પ્રાર્થના હતી, જે મેં પૂરી કરી છે. એ જો પૂરી ન કરી હોત તો તને આ બધું કંઈ જ ન મળત.''

# પ્રેમસ્વરૂપ નીરુમા




કવિએ વાત્સલ્યમૂર્તિ દાદા ભગવાન માટે સાચું જ કહ્યું છે કે 'દાદાની જોડ જગે નહીં જડે રે લોલ!' પૂજ્ય નીરુમા વિશે પણ કહેવું એટલું જ સાર્થક છે કે 'નીરુમાની જોડ જગે નહીં જડે રે લોલ!'

ઔરંગાબાદના પ્રતિષ્ઠિત પરિવારમાં પાંચ મોટા ભાઈઓની લાડકવાયી નાની બહેન - નીરુ, નાનપણથી જ ઘરમાં સૌની લાડકી હતી. મેડીકલમાં ભણતા હતા ત્યારે ૧૯૬૮માં જ્ઞાની પુરુષ દાદા ભગવાન મળ્યા અને એમની પાસેથી અદ્ભૂત આત્મજ્ઞાન મળ્યું. જ્ઞાની માટે કહેવાય છે કે તેઓ અખૂટ પ્રેમના ભંડાર હોય છે. દાદાની સેવામાં પૂજ્ય નીરુમા નિરંતર વીસ-વીસ વર્ષ સુધી રહ્યા હતા. આ દરમ્યાન એમણે જ્ઞાનીનાં બધાં જ ગુણો પોતે આત્મસાત્ કરી લીધાં હતાં. સાચા પ્રેમની વ્યાખ્યા આપતાં દાદાશ્રી કહેતા કે શુદ્ધ-સાચો પ્રેમ એને કહેવાય, કે જે વધે કે ઘટે નહીં, નિરંતર એકધારો રહે. એ પ્રેમમાં આસક્તિ ન હોય, એ પ્રેમમાં કોઈનાય દોષો ના દેખાય, એ પ્રેમમાં કોઈ પણ અપેક્ષા ન હોય. પૂજ્ય નીરુમાએ એમના જીવનકાળ દરમ્યાન પોતે આ સર્વ ગુણો સંપન્ન કરી બતાવ્યા હતા. તેઓ દાદાશ્રી સાથે સત્સંગ માટે ગામે-ગામ, દેશ-વિદેશ જતાં ત્યારે નવાં-જૂનાં બધાં જ મહાત્મા-મુમુક્ષુઓ, દરેકને દાદાની ઓળખાણ થાય, દાદાના દર્શન થાય, જ્ઞાનમાં પૂરેપૂરા ચોંટે અને મોક્ષમાર્ગે આગળ વધે તે માટે તમામ કલ્યાણી ખટપટો કરતાં. ઘણાં જૂનાં મહાત્માઓ આજે પણ તેમના વાત્સલ્યભાવને ભૂલ્યા નથી. દાદા તેમના ગામ કે શહેરમાં આવવાના હોય તો પૂજ્ય નીરુમા પત્ર કે ફોનથી અગાઉથી જાણ કરે, જ્ઞાનની સરસ વાતો લખે, એમ કરીને પેલાને દાદાના વિજ્ઞાનમાં ચોંટાડી દે. દાદાશ્રીના દેહવિલય પછી પણ જગતકલ્યાણનું મીશન પૂજ્ય નીરુમાએ ચાલુ જ રાખ્યું. દાદાની ભાવના મુજબ બ્રહ્મચારી ભાઈઓ-બહેનોને તમામ

> **'મહાત્માઓ જ્ઞાનમાં પૂરેપૂરા ચોંટે અને મોક્ષમાર્ગે આગળ વધે તે માટે તમામ કલ્યાણી ખટપટો કરતાં.'**

વ્યવસ્થા મળી રહે તે માટે પોતે સુંદર આયોજન કર્યું. પરિણામે ઘણાં બધાં યુવાનો દાદા ભગવાનના જગત કલ્યાણના મીશનમાં જોડાયા. ભવિષ્યમાં દાદાના જગત કલ્યાણના કાર્યને આગળ વધારે તે માટે પૂજ્ય દીપકભાઈ તથા આપ્તપુત્રો-પુત્રીઓનું ઘડતર કર્યું, જે એમની અગાધ વાત્સલ્યધારાનું સચોટ પ્રમાણ દર્શાવે છે. તેમના સંપર્કમાં આવનાર દરેક મહાત્માને એવો અનુભવ થતો કે નીરુમાને મારા પર ખૂબ જ પ્રેમ છે. એમના પ્રેમનો જ જબરજસ્ત પ્રતાપ છે કે તેઓ આજે લાખો મહાત્માઓના હૃદયમાં બીરાજે છે. અપાર વાત્સલ્ય ધરાવતા નીરુમાને પ્રથમ વખત મળનારને પણ એમના નિઃસ્વાર્થ શુદ્ધ પ્રેમની અનુભૂતિ થતી.

જીવમાત્ર પ્રત્યે અપાર કરુણાભાવ ધરાવનાર નીરુમા અંતે પણ એ જ સંદેશો બધાંને આપી ગયાં કે 'પ્રેમથી રહેજો'. અને સાથે પ્રોમિસ પણ માંગ્યું. એકબીજાને અંદરોઅંદર મતભેદ ના રહેવા જોઈએ. બીજાના નેગેટિવ અને દોષો ના દેખાવા જોઈએ. કોઈને આપણાંથી દુઃખ ના થવું જોઈએ. બધાં સાથે હળીમળી ખૂબ પ્રેમ અને અભેદતાથી રહેવું જોઈએ. હવે આપણે એમના જેવાં જ શુદ્ધ પ્રેમવાળા થઈ એમને આપેલું પ્રોમિસ પાળશું, પાળશું ને ?

પ્રેમથી રહેજો... પ્રોમિસ ?

# મીઠી યાદેં

એક વાર એક આપ્તપુત્ર નીરૂમા સાથે સત્સંગ માટે ગયો હતો. નીરૂમા એ આપ્તપુત્રના ઘરે જ ઉતર્યા હતા. એમના દીકરાને ઘરે આવેલો જોઈ એમના મમ્મી ખૂબ ખુશ થઈ ગયા. તેઓ ઘણી વાર એમના દીકરાને ફોન પર ઘરે આવી એમની સાથે રહેવા માટે કહેતા. પણ આપ્તપુત્ર એમની સામે દલીલો કરી વાતને ઉડાડી દેતો. આનાથી એમના મમ્મીને દુઃખ રહેતું. આ વખતે નીરૂમા સાથે દીકરાને પણ ઘરે આવેલો જોઈ એમના મમ્મી આનંદમાં આવી ગયા હતા.


રાત્રે જ્યારે ઘરના બધા નીરૂમા સાથે બેઠા હતા ત્યારે એના મમ્મીએ નીરૂમાને કહ્યું, "તમે આને કહો કે અઠવાડિયે એક વાર ઘરે આવે અને અમારી સાથે રહે." આ સાંભળી ફરી પેલા ભાઈએ એની મમ્મી સામે ઘરે ન આવવા માટે જોરદાર દલીલો કરી. બંનેને એકબીજા માટે બહુ દુઃખ થયું. બધા છૂટા

> મમ્મી સામે આવી રીતે બોલાતું હશે? મમ્મીને કેટલું દુઃખ થાય? આ મને જરાય ન ગમે.

પડ્યા અને પોતપોતાના રૂમમાં જઈને સૂઈ ગયા. રોજ મુજબ સૂતા પહેલા એ આપ્તપુત્ર નીરૂમાને પગે લાગવા ગયો, ત્યારે નીરુમાએ એને કહ્યું, "મમ્મી સામે આવી રીતે બોલાતું હશે? મમ્મીને કેટલું દુઃખ થાય? તું આવી રીતે મમ્મીની સામે બોલે એ મને જરાય ન ગમે," નીરુમાના આ વાક્યો જાણે આપ્તપુત્રના હૃદયમાં ચીસાઈ ગયા. બીજી વખત જ્યારે એ પોતાના ઘરે ગયો ત્યારે ફરી એની એના મમ્મી સાથે ઘરે રોકાઈ જવાની વાત પર દલીલ થઈ. મમ્મી ગુસ્સે થઈ એના રૂમમાં જઈને સૂઈ ગયા. આપ્તપુત્રને બીજે દિવસે સવારે પાંચ વાગે નીકળી જવાનું હતું. રાતે સૂતા સૂતા એમને નીરુમાના શબ્દો યાદ આવ્યા. એને મમ્મીને દુઃખ આપ્યા બદલ ખૂબ પ્રાયશ્ચિત થવા લાગ્યું સવારે નીકળતા પહેલા એ એના મમ્મીને પગે લાગ્યો. એના મમ્મી સૂતા હતા. કોઈકે અડ્યાનો અહેસાસ થતા એ જાગી ગયા. જોયું તો એમનો પુત્ર એમના પગે પડીને ખૂબ રડતો હતો. રડતાં રડતાં



એણે મમ્મીમે કહ્યું, "મમ્મી, આજથી હું તને ક્યારે દુઃખ થાય એવું નહીં કરું. તારી ઈચ્છા હશે ત્યારે જ હું કાયમ માટે નીરુમા પાસે જઈશ. હું મારો સામાન લઈને પાછો આવી જઉં છું." એમ કહી એ ગયો. નીરુમા પાસે પહોંચે છે ત્યાં તો એની મમ્મીનો ફોન આવ્યો કે, "દીકરા, મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. સંયમના માર્ગે જનારા તો વિરલા હોય છે. હું તને એ રસ્તે જતા રોકીને બહુ મોટી ભૂલ કરી રહી છું. મને માફ કરજે. આજ પછી હું તને ક્યારેય મારા મોહ માટે પાછો નહીં બોલાવું. તું નીરુમા પાસે રહી એમની સેવા કર અને દાદાનું કામ કર." તે દિવસથી એના મમ્મીએ ક્યારેય એને પાછો બોલાવ્યો નથી.



**જોયું મિત્રો, નીરુમાએ કેટલા પ્રેમથી આપ્તપુત્રને વાળ્યો અને એનું પરિણામ કેટલું સુંદર આવ્યું. આવા પ્રેમસ્વરૂપ હતા આપણા નીરુમા.**

# એમ.એચ.ટી ગ્રુપની
# એક વર્ષની સમાપ્તિની ઊજવણી

મિત્રો, તમને ખબર છે, ૨૦ જાન્યુઆરી, ૨૦૦૯ના દિવસે બેબી, લીટલ અને યંગ મહાત્મા ગ્રુપે સફળતાપૂર્વક એક વર્ષ પૂરું કર્યું છે. આ એક વર્ષમાં સીમંધર સીટી ઉપરાંત ગામે ગામ તથા વિદેશોમાં પણ આ ગ્રુપ્સ ચાલુ થઈ ચૂક્યા છે. આ એક વર્ષ દરમ્યાન, બેબી એમ. એચ. ટી. ના ભૂલકાંઓ દીદીઓના પ્રેમભર્યા વ્યવહાર થકી ખૂબ ખીલ્યા છે. નવી નવી વાર્તાઓ, રમત-ગમતો અને મઝા પડે એવા પર્યટનોથી બેબી મહાત્માઓ અને દીદીઓ વચ્ચે ખૂબ આત્મીયતા કેળવાઈ છે.

૭-૧૨ વર્ષના લીટલ મહાત્માઓને ખૂબ સુંદર અનુભવો થયા છે. એડજસ્ટમેન્ટ, પોઝિટિવિટી, ક્રોધ, મશ્કરી જેવા અનેક વિષયો પર બાળકોને ગમે એ રીતે સેશનો લેવાયા. જેમાં વાર્તા, પપેટ શો, નાટક, ઓડિયો વિઝ્યુઅલ શો દ્વારા અપાતી સુંદર સમજણોને આ બાળકો સહેલાઈથી યાદ રાખી શક્યા અને એમના જીવનમાં ફેરફાર અનુભવી શક્યા. આ ઉપરાંત આ વર્ગને આપ્તપુત્ર ભાઈઓ અને આપ્તપુત્રી બહેનો સાથેના સત્સંગનો પણ લ્હાવો મળ્યો છે. એમની સાથે પૂજ્ય દાદા અને નીરુમાની વાતો સાંભળીને બાળકો ખૂબ આનંદ પામ્યા. વિવિધ પ્રવૃત્તિઓ અને પિકનિક એમના આનંદમાં વધારો કરતી.

યંગ મહાત્માઓની તો શું વાત કરું ? આખું વર્ષ એ લોકોએ આર્ટ મેલા, ફૂડ મેલા, સ્પોર્ટસ વીક જેવી અલગ અલગ મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરી ટીમ વર્ક. અભેદતા, હેલ્ધી કોમ્પિટીશનનો અદભૂત અનુભવ કર્યો. એ લોકોએ પોતે તો એમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો જ પણ સાથે સિનિયર મહાત્માઓને પણ એમણે આ પ્રવૃત્તિઓમાં જોડ્યા હતા. નિર્દોષ આનંદ કરતા કરતા એમને દીદીઓ પાસેથી જીવનમાં ઉપયોગી થઈ શકે એવી પૂજ્ય દાદાશ્રીની સમજણની સુંદર ચાવીઓ પણ મળી છે.


બેબી એમ.એચ.ટી.


લીટલ એમ.એચ.ટી.

હસતાં હસતાં આનંદ કરતાં એક વર્ષની સમપ્તિ પર એમ. એચ. ટી. ગ્રુપે ૩૦ અને ૩૧ ડિસેમ્બરે સીમંધર સીટીમાં એન્યુઅલ ડે ની ઉજવણી કરી. ગામેગામથી બધા જ યંગ મહાત્માઓએ આમાં ભાગ

લીધો હતો. એમાં એમના માટે ખાસ આકર્ષણ હતું પૂજ્યશ્રી સાથેનો સત્સંગ. આ ઉપરાંત છૂપો બોધ આપી જતી રમતો અને પ્રવૃત્તિઓ, કેમ્પ ફાયર, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભક્તિ-ગરબા વગેરેથી એન્યુઅલ ડે ધમધમી રહ્યો હતો.

અરે શું થયું ? તમને પણ એમ. એચ. ટી ગ્રુપમાં જોડાવાનું મન થઈ ગયું ? તો આવો, તમે પણ એમ. એચ. ટી ગ્રુપમાં જોડાઓ. એમ. એચ. ટી ગ્રુપ તમારા માટે જ છે.



# સમર કેમ્પ (શિબિર)

મિત્રો, પરીક્ષા નજીક આવી રહી છે ખરું ને ? એ માટે બધાને બેસ્ટ ઓફ લક. પરીક્ષા પછી તમને બધાને ફ્રેશ કરવા આવી રહ્યો છે બે દિવસનો સમર કેમ્પ, જેમાં થશે સરસ મજાની વાર્તાઓ, પપેટ શો, સાંસ્કૃતિક કાર્યક્રમો, રમત ગમત, સત્સંગ, ભક્તિ-ગરબા અને બીજું ઘણું...

**ઉંમર : ૭ થી ૧૨ વર્ષ** **સમય : સવારે ૯ થી સાંજે ૭**

**રજીસ્ટ્રેશન ફી : રૂ. ૧૦૦ (નોન રીફન્ડેબલ)**

**કેમ્પ માટેના સેન્ટર : મુંબઈ, બરોડા, રાજકોટ, સુરત અને અમદાવાદ**

કેમ્પની તારીખ આવતા અંકમાં આપવામાં આવશે. વધુ વિગત આપના સેન્ટર લીડર પાસેથી જાણવા મળશે. જો જો ! સમર કેમ્પમાં આવવાનું ચૂકશો નહીં.


## 'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી - ફોર્મ નં. ૪ ( રૂલ નં. ૮ )

૧. પ્રકાશકનું સ્થળ : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૪. પ્રકાશકનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.

૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.


૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.


તા. ૮-૩-૨૦૦૯, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા ( પ્રકાશકની સહી )

# પઝલના જવાબો

૧



૨




3




૪



૫

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | ષ્કા | મ | મો | ટ | નિ | અ | ધ્ધ | અ | પ્રે |
| મો | પ્રે | ઘા | આ | સ | ક્તિ | હ | ઘ | પ | વા |
| લ્ય | મ | વા | બ | સ્ને | ર્થ | શુ | સ્વા | ટ | ત્સ |
| નિ | સ્ને | ધ્ધ | પ્રે | લિ | મા | મા | હો | પં | લ્ય |
| પ | સ્વા | ટ | હ | સ્ને | દા | સ | ત | ક્ષિ | તિ |
| ૨ | વા | ર્થ | નિ | દા | પ | ન | સ્ને | હ | મિ |
| મા | મ | પ્ર | ઘા | ટ | મ | ધ | હ | ઘ | ગ |
| મા | ર્થ્ય | સ | મ | ધ | શુ | શુ | વી | સ્વા | પં |
| મો | વો | વી | ત | રા | ગ | ષ્કા | ધ્ધ | બ | ડિ |
| પ્રે | હ | ઘા | ર્થ | ટ | પ | ૨ | મા | નિ | ત |

## મારી સમજણ

તમારા બિલ્ડિંગનો એક છોકરો તમને દર વખતે ચીડવે જ છે. એક દિવસ અચાનક તમે જુઓ છો કે એ રસ્તામાં બેભાન પડ્યો છે. બાજુમાં એની સાયકલ તૂટેલી હાલતમાં છે. જોઈને તમને એવું લાગે છે કે એનો અકસ્માત થયો છે. આવા વખતે તમે શું કરશો ?

Akram Express
March 2009
Year : 1, Issue : 7
Conti. Issue No.: 7

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

BALVIGNAN
Fun 'n' Gyan with Dada

# મારી વાત

## મારી કલ્પનાની સ્કૂલ કેવી હોય?

મારું નામ ક્રીશ છે. હું આઠમા ધોરણમાં ભણું છું. હું અક્રમ એક્સપ્રેસ નિયમિત વાંચું છું અને ઘણું ઘણું શીખું છું. મને જાણવા મળ્યું છે કે તમે સ્કૂલ ખોલી રહ્યા છો. મને ખૂબ મોટી સ્કૂલ ગમે. એના ક્લાસરૂમ મોટા મોટા હોય અને એક બેન્ચ પર એક જ વિદ્યાર્થી બેસે એવી વ્યવસ્થા હોય. એમાં એક કેન્ટિન પણ હોય. જેમાં શુદ્ધ અને સ્વાદિષ્ટ વાનગીઓ મળે. સ્કૂલની બહાર લીલુંછમ ઘાસનું મોટું મેદાન હોય. એ મેદાન એટલું મોટું હોય કે એમાં ક્રિકેટ નેટ, બાસ્કેટ બોલ, ટેનિસ અને ફૂટબોલ બધું જ આવી જાય. એક સાથે બધી જ રમતો રમાઈ શકે એટલું મોટું મેદાન હોય.

## યાદ શક્તિ વધારવાની ચાવી

મિત્રો, બધાની પરીક્ષાની તૈયારીઓ જોરદાર ચાલે છે ને? વાંચવામાં એકાગ્રતા વધે અને વાંચેલું બધું ફટાફટ યાદ રહી જાય એ માટે પૂજ્ય દાદાશ્રીએ બહુ સુંદર ઉપાય બતાવ્યો છે.

જેટલી વાર વાંચવા બેસો એટલી વાર વાંચતા પહેલા ૧૦ મિનિટ આંખ બંધ કરીને બેસો અને દાદા ભગવાનના ફોટાને આંખ સામે લાવી 'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' બોલો. બની શકે તો એક એક શબ્દ વાંચીને બોલો. આમ કરવાથી એકાગ્રતા વધશે. અને એકાગ્રતાપૂર્વક વાંચેલું એક વારમાં જ યાદ રહી જાય એવો નિયમ છે. માટે આટલું અચૂક કરજો. બેસ્ટ ઓફ લક.

## ગયા અંકની કલમ 'મારી સમજણ'નો પ્રતિભાવ

પહેલા ધોરણથી અત્યાર સુધી દર વર્ષે હું મારા વર્ગમાં પ્રથમ નંબરે જ પાસ થાઉં છું. મારા ક્લાસમાં જે નબળો વિદ્યાર્થી આવ્યો છે તેની સાથે હું ખૂબ સારું વર્તન કરીશ.હું તેની સાથે મિત્રાચારી કરીશ.મને જે આવડતું હશે તે એને શીખવાડીશ. તે પણ ભણવામાં હોંશિયાર થાય એવી મારી ભાવના રહેશે. મારાથી બનતી બધી મદદ એને કરીશ અને મારા વર્ગના બીજા વિદ્યાર્થીઓને પણ એની સાથે મિત્રાચારી કરવાનું કહીશ.

ભક્તિ

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.